ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા અને રાજ્ય શાખા દ્વારા

# આઈઆઈટી ખાતે થેલેસેમિયા ચેક-અપ કેમ્પ યોજાયો





ગુજરાત સરકારના થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત ગુજરાત રેડક્રોસ અને જિલ્લા શાખાઓના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીઝ, સંસ્થાઓ, સામાજિક સંગઠનોના યુવાઓ માટે થેલેસેમિયા ટેસ્ટિંગ કેમ્પ ચાલી રહ્યા છે. આ અનુસંધાને આઈઆઈટી પાલજ ખાતે ૬ દિવસનો થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા યોજવામાં આવ્યો હતો. રાજ્ય રેડક્રોસના સહયોગથી કુલ ૫૬૪ વિદ્યાર્થી યુવક-યુવતિઓને આ કેમ્પ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા. લેબ ટેકનિશીયન નિલેષ ભારતીય અને તેમની ટીમે આ માટે પોતાની સેવાઓ પૂરી પાડી હતી. આઈઆઈટીના આસી. રજિસ્ટ્રાર પ્રણવ રોહિત અને જિલ્લા રેડક્રોસના અશ્વિન દવે તથા જીલુભા ધાંધલે આ કેમ્પના સંચાલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.



શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં સરકારના 'એક બાળક-એક વૃક્ષ' અભિયાન અંતર્ગત દરેક વિદ્યાર્થીને એક રોપાની ભેટ ધરવામાં આવી હતી. કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ ડૉ. જયેશ તન્ના, પ્રૉફેસર ડૉ. અમીતાબેન પ્રજાપતિ અને ધર્મેન્દ્રભાઈ રાઠોડના હસ્તે આ રોપા વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવ્યાં હતા. બાળકોએ રોપાનું આરોપણ કર્યું હતું અને તેમની જાળવણી, ઉછેર અંગેની ખાતરી પણ ઉચ્ચારી હતી. શાળાના ઈન-ચાર્જ આચાર્ય ગિતેષભાઈ પટેલ, સુપરવાઈઝર રમેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને વિવિધ ક્લબ્સના કન્વીનર દ્વારા પણ આ પ્રસંગે રોપાનું આરોપણ કરવામાં આવ્યું હતું.

# ઈન્ફોસિટી સ્કૂલ ખાતે ડેન્ટલ ચેક-અપ કેમ્પ



ગાંધીનગર, તા. ૪

ઈન્ફોસિટી સ્કૂલમાં ડેન્ટલ ચેક-અપ કેમ્પનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

શ્રી મલ્ટીસ્પેશિયાલિટી ડેન્ટલ ક્લિનીક, કુડાસણના ડૉ. પ્રણવ સોલંકી અને ડૉ. રિદ્ધિ પંડ્યાએ આ કેમ્પ અંતર્ગત પોતાની નિષ્ણાત સેવાઓ આપી હતી. શિક્ષકોએ પણ આ કેમ્પ અંતર્ગત પોતાના દાંતની તપાસ કરાવી હતી.

ટ્રસ્ટી દલસાણીયા સર અને પ્રમુખ વૈષ્ણવ સર દ્વારા તબીબો પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી. કેમ્પનું આયોજન ગુજરાતી માધ્યમનાં આચાર્ય પ્રવીણાબેન અને અંગ્રેજી માધ્યમનાં આચાર્ય દિપ્તીબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# અરિહંત ફાર્મસી સ્કૂલમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ



ગાંધીનગર, તા. ૪

'પ્રારંભ ૨૦૧૯' શિર્ષક હેઠળ ઓરીએન્ટેશન પ્રોગ્રામ અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બીઆરઆઈ ખાતે તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જેમાં બીફાર્મના ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

વિદ્યાર્થીઓને અભિપ્રેરિત કરવા અતિથિ તરીકે ઓમ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના ડિરેક્ટર કાર્તિક વિકાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને રિયલ લાઈફ ઉદાહરણો સાથે અભ્યાસની નવી પદ્ધતિઓથી અવગત કરાવ્યા હતા. આચાર્ય ડૉ. રાગીન શાહે કૉલેજની કાર્યપ્રવૃત્તિ વિશે અને વાઈસ પ્રિન્સિપાલ ડૉ. ઉપેન્દ્ર પટેલે ફાર્મસીમાં ઉપલબ્ધ તકો વિશે વિગતે માહિતી આપી હતી.

આ પ્રસંગે બીફાર્મ અને ઍમફાર્મના ટૉપર્સને ઈનામો આપીને સન્માનિત કરાયાં હતાં. યુનિવર્સિટીના ચૅરમૅન રિષભભાઈ જૈન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં ડૉ. દિવ્યકાન્ત પટેલના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ યોજવામાં આવ્યું હતું. ડૉ. વૃંદા શાહે આભાર દર્શન કર્યું હતું.

## જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ એસ રાઠોડ
કારોબારી સભ્ય, ગાંધીનગર સાહિત્ય સભા
સાંસ્કૃતિક મંત્રી, શહેર મોચી સમાજ, ગાંધીનગર
મો. ૯૮૯૮૦ ૬૭૮૧૩



રમેશચંદ્ર નટવરલાલ શ્રીમાળી
મો. ૯૪૨૮૫ ૦૩૦૮૨



ક્રિષ્ના અશ્વિનભાઈ જાટિયા
મો. ૯૮૨૪૬ ૩૯૩૭૫



ઝલક વાગોસણા
મો. ૮૪૮૮૦ ૮૫૧૦૮



આદિત્યસિંહ રાજવીરસિંહ રાણા






શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગુજરાત વિદ્યાપીઠ, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ વસતી શિક્ષણ સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ સમગ્ર સપ્તાહ દરમિયાન કરવામાં આવી વિવિધ સ્પર્ધાઓ માટે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. નિબંધ લેખન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર લેખન સ્પર્ધા અને સૂત્ર લેખન સ્પર્ધામાં ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાપન કાર્યક્રમમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં. નિબંધ લેખન સ્પર્ધામાં અનુક્રમે સુમિત પટેલ, પૂજા નકુમ અને નિધિ વાકાણી, વકતૃત્વ સ્પર્ધામાં અનુક્રમે અનીલ કુકડિયા, હરદીપ ગઢવી અને આકાશ રામી, ચિત્ર સ્પર્ધામાં અનુક્રમે સંગરામ રોજસરા, વિશાલ મકવાણા, પૂજા નકુમ અને ભૂમિ ઠક્કર તથા સૂત્ર લેખન સ્પર્ધામાં અનુક્રમે જીનાલી માતા, પ્રવીણ ઠાકોર અને વર્ષારાણી ભુરીયા વિજેતા જાહેર થયાં હતાં. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ દ્વારા ડૉ. અરવિંદભાઈ રામીની અને શૈલેશ ગામીતની સહાયતાથી કરવામાં આવ્યું હતું.

## ખિલાફત અને...

॥ ચોથો મણકો ॥

તલવારથી વિરોધ નથી કરવો એટલે સાથ ન દેવામાં જ ખરો વિરોધ છે એમ મને લાગ્યું, ને મેં 'નૉન-કોઓપરેશન' શબ્દનો પહેલો ઉપયોગ આ સભામાં કર્યો. મારા ભાષણમાં મેં તેના સમર્થનમાં મારી દલીલો આપી. આ વેળા એ શબ્દમાં શું શું સમાઈ શકે તેનું મને ભાન નહોતું. તેથી હું વિગતોમાં ન ઊતરી શક્યો. મેં તો આટલું કહ્યું એમ યાદ છે : 'મુસલમાન ભાઈઓએ એક બીજો મહત્ત્વનો નિશ્ચય કર્યો છે. ઈશ્વર તેવું ન કરે, પણ કદાચ જો સુલેહની શરતો તેમની વિરુદ્ધ જાય, તો તેઓ સરકારને સહાયતા આપતા અટકશે. મને લાગે છે કે, આ પ્રજાનો હક છે. સરકારના ખિતાબો રાખવા કે સરકારી નોકરી કરવા આપણે બંધાયેલા નથી. જ્યારે સરકારને હાથે ખિલાફત જેવા મહા અગત્યના ધાર્મિક સવાલને વિષે આપણને નુકસાન પહોંચે, ત્યારે આપણે તેને સહાય કેમ કરીએ? તેથી ખિલાફતનો ચુકાદો આપણી વિરુદ્ધ જાય તો સહાય ન કરવાનો આપણને હક છે.'

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# આદર્શ નિવાસી કુમાર શાળા દ્વારા 'બેટી બચાવો' જાગૃતિ અભિયાન




આદર્શ નિવાસી કુમાર શાળા (અજા), સેક્ટર-૮, ગાંધીનગર દ્વારા 'બેટી બચાઓ, બેટી પઢાઓ' વિષયક રેલીનું આયોજન મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત કરવામાં આવ્યું હતું. ધોરણ-૯થી ૧૨ના ૧૬૫ જેટલા વિદ્યાર્થીઓ આ રેલીમાં જોડાયા હતા અને વિવિધ સૂત્રો પોકારી, પ્રદર્શિત કરી તેમણે 'બેટી બચાઓ' સંદેશ પ્રસરાવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન એચ એચ શાહ અને દિપ્તીબેન વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યું હતું.



શ્રીમતી કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે 'મહિલા સશક્તિકરણ પખવાડીયા'ની ઉજવણીના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક દ્વારા 'મહિલા સશક્તિકરણ' વિશે અને શાળાની વિદ્યાર્થિની દ્વારા 'સ્ત્રીભૃણ હત્યા' વિશે સચોટ વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે એક દીકરી ધરાવતી માતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.